ક્રમાંક: અ/જમન/ટે.૧૨/ ૧૦૫૮-૬૯ /૨૦૨૨-૨૩
મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરી,
કચ્છ વન વર્તુળ,ભુજ
તા. ૧૯ /૧૨/૨૦૨૨

પ્રતિ,
અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી,
જમીન,
ગુજરાત રાજય, ગાંધીનગર.

વિષય:- Diversion of 9.6194 ha. (6.4210 ha Kutch West Forest Division + 3.1984 ha Banni Grassland Division) Forest land for widening and strengthening of Deshalpar-Hajipir road in Kutch district of Gujarat in favour of Executive Engineer, R & B Division, Bhuj-Kachchh. ( Proposal No. FP/GJ/ROAD/154585/2022)

સંદર્ભ:- ૧. આપશ્રીના પત્રાંક: - જમન/ટે.૨૯-બી/બ/૪૭૦૩-૦૪/૨૦૨૨-૦૩, તા.૧૫/૦૯/૨૦૨૨
૨. નાયબ વન સંરક્ષકશ્રી, કચ્છ પશ્ચિમ વન વિભાગ, ભુજના પત્રાંક: અ/જમન/ટે.૧૧/૭૭૭, તા.૦૬/૧૨/૨૦૨૨

સાદર ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, ઉપરોકત વિષયોન્વયેની વ.સં.ધા.-૧૯૮૦ ની દરખાસ્ત બાબતે આપશ્રીના સંદર્ભ દર્શીત પત્ર-૧ થી માંગ્યા મુજબની વિગતે નાયબ વન સંરક્ષકશ્રી, કચ્છ પશ્ચિમ વન વિભાગ, ભુજના સંદર્ભ પત્ર-૨ થી પૂર્તતા અહેવાલ સાદર કરેલ છે. જે સબબની મુદાસર સ્પષ્ટતા પ્રર્તતા નીચેની વિગતે સાદર કરવામાં આવે છે. જે વિદીત થવા વિનંતી.

૧. યુઝર એજન્સી દ્વારા પાર્ટ-૧ માં વળતર વનિકરણ માટે સૂચવાયેલ બિન-જંગલ જમીનની KML file અપલોડ કરેલ છે.
૨. એનેક્ષર-૧૯ માં સામેલ રાખેલ સી.એ. સ્કીમ પાર્ટ-૨ માં પરિવેશ પોર્ટલ ઉપર અપલોડ કરવામાં આવેલ છે.
૩. એનેક્ષર-૧૯ માં સામેલ રાખેલ સી.એ. સ્કીમના હેડીંગમાં નોન-ફોરેસ્ટ લેન્ડનો ઉલ્લેખ કરીને તે પેઈજની ત્રણ પ્રત આ સાથે સામેલ રાખેલ છે.
૪. માંગણીવાળો વિસ્તાર નારાયણ સરોવર વન્યપ્રાણી અભયારણ્યથી ૨૨.૦૨ કિ.મી. તથા તેના ઇકો સેન્સીટીવ ઝોનથી ૨૧.૪૫ કિ.મી. દુર આવેલ છે. તેમજ છારીઢંઢ કન્ઝર્વેશન રીઝર્વથી ૨.૧૭ કિ.મી. દુર આવેલ છે. અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી,વન્યજીવ,ગુ.રા.,ગાંધીનગરના તા.૧૪/૦૭/૨૦૨૦ વાળા પત્ર તથા આપશ્રીના સંદર્ભ-૧ વાળા પત્રથી જણાવ્યા મુજબ માંગણીવાળો વિસ્તાર અભયારણ્ય કે રાષ્ટ્રીય ઉધાનની બાહય હદથી ૧૦ કિ.મી. સુધીમાં આવતો હોય અથવા તેના ફરતે જાહેર થયેલ ઇકો સેન્સીટીવ ઝોનમાં આવતો હોય તો તેવા કિસ્સામાં અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી,વન્યજીવ,ગ.રા.,ગાંધીનગરનો અભિપ્રાય મેળવવાનુ થાય છે. જે બાબતે જણાવવાનું કે, છારીઢંઢ એ કન્ઝર્વેશન રીઝર્વ છે તે અભયારણ્ય કે રાષ્ટ્રીય ઉધાન નથી તથા તેની ફરતે ઇકો સેન્સીટીવ ઝોન જાહેર કરવાની કોઇ દરખાસ્ત પણ થયેલ નથી. આમ,મુદા નંબર ૪ બાબતે કાંઇ કરવાનું રહેતુ નથી.
૫. દરખાસ્તની વધુ એક પ્રત આ સાથે સામેલ છે.

**સામેલ: ઉપર મુજબ**

મુખ્ય વન સંરક્ષક
કચ્છ વન વર્તુળ,ભુજ

**નકલ રવાના:** નાયબ વન સંરક્ષકશ્રી, કચ્છ પશ્ચિમ વન વિભાગ, ભુજ તરફ તેઓના સંદર્ભ દર્શીત પત્ર-(૨) અન્વયે જાણ સારુ.



Scanned with CamScanner